સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

બાપુ જઈ આવ્યા દિલ્હીને કંઇક વિંધાઈ ગયું!
મળ્યા પદ્મ વિભુષણને, કંઇક રંધાઈ ગયું!
બંધાઈ ગયું કંઇક પડીકું ચૂંટણી માટેનું -
ને જુના સંબંધોની ગાંઠે, કંઇક સંધાઈ ગયું

હાઈકુ

બાપુ વિના તો,
હવે ઉદ્ધાર નથી -
ધો છુટો દોર!!

કરશે સ્હાય,
ક્ષ.પા.મુ.દ. ચિયરી -
હિંદુત્વ સામે...

ચિંતન

કરમ પ્રધાન બિશ્વ કરિ રાખઆ, જો જસ કરઈ તો તસ ફલુ ચાખા

ઉપરોક્ત ચોપાઈ તુલસીકૃત રામાયણમાંથી લેવાયેલ છે.

સંસારમાં કર્મને જ મુખ્ય ગણ્યું છે, જે જેવું કરે છે તે તેવું ફળ આપે છે.

'રામ' તો ભગવાન જ કહેવાય ને? ભગવાનની ઈચ્છાથી કંઈ આગળ હોઈ શકે? અને 'દશરથજી' તો ભગવાનના પણ 'પિતા' થયા. એમણે અંધ માતાપિતાના પુત્ર 'શ્રવણ'ની ભલે અજાણતાં હત્યા કરવાનું કાર્ય-કર્મ કર્યું. બીજા જન્મમાં રાજા દશરથને શ્રવણના માતાપિતાની જેમ પુત્ર વિરહમાં મૃત્યુ થયું.

રામે વાલીને છુપાઈને તીર માર્યું - બીજા જન્મમાં એક શિકારીએ કૃષ્ણજન્મમાં કૃષ્ણને પગમાં તીર માર્યું અને મૃત્યુ થયું. આજના પ્રધાનો-સચિવોનું આવતા જન્મમાં શું થશે ઈ તો ખબર નથી પણ રાજદાગી મળવાની છેલ્લી પળે શશીકલા જેમાં ન ગયાં? કેટલાય પ્રધાનો જેલમાં - દવાખાનામાં 'કર્મપ્રધાન' નિયમ હેઠળ સજા નથી ભોગવતા?

સુવિચાર

- જીભ કદાચ 'તોતડી' હશે તો ચાલશે, પરંતુ 'તોછડી' હશે તો નહીં ચાલે - **એસ ભટ્ટાચાર્ય**
- 'પ્રાણ' એ પ્રથમ ભેટ, 'સ્નેહ' એ બીજી અને 'સમજણ' એ ત્રીજી ભેટ - **અખંડ આનંદ**
- માણસ ફુલાવાનું જલ્દી સ્વીકારે છે પણ યોગ્ય રીતે સંકોચાવાનું નહીં - **સંત ઓગસ્ટીન**
- જીવનનો પહેલો સંઘર્ષ મન સાથે કરવો પડે છે,
  કારણ કે મનને નકારાત્મક વલણનો સહેલો રસ્તો જ પસંદ છે - **જીવનસૂત્ર**
- આદત ધીમે ધીમે જરૂરિયાત બની જાય ત્યારે માણસની મજબૂરી જીવનને
  મૂરઝાવી દે છે - **આહમદ જસદણવાણા**
- જે આળસુ છે તેને માટે જ ભગવાને આવતીકાલ સર્જી છે - **રોબર્ટ ફ્રોસ્ટ**
- આજનું ઔષધ : આમળાનો પાઉડર ઉકાળી તે પાણીથી સ્નાન કરવાથી ચામડી મુલાયમ બને છે.

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

આજના રાજકીય કેદીઓ જેલમાં પણ 'સખણા' નથી રહેતા - દવાખાને દાખલ થઈ જાય કે દરબાર ભરી ખંડણીના ખેલ ખેલ છે. એમની આંખ ઉંઘાડનારું દૃષ્ટાંત -

લાલ બહાદુર શાસ્ત્રી આગ્મદાની લડાઈ વખતે જેલમાં હતા, સજા દરમિયાન તેમના પુત્રના અવસાન માટે સાત દિવસ પેરોલ પર છોડવામાં આવ્યા.

લાંબીયાત્રા કરીને ઘેર પહોંચ્યા તો અગ્નિસંસ્કાર વિધિ પૂરી થઈ ગઈ હતી. બીજે જ દિવસે ટ્રેન પકડી ત્રીજે દિવસે તો જેલમાં પરત આવી ગયા.

મુખ્ય જેલ અધિકારી એ સાત દિવસ પેરોલ પહેલા જેલમાં પરત ફરવાનું કારણ પૂછ્યું તો શાસ્ત્રીજીએ વિનયપૂર્વક કહ્યું, 'જે કામ માટે મને પેરોલ પર રજા આપવામાં આવી હતી તે કામ પૂર્ણ થઈ ગયું છે. પછી શા માટે મારે બહાર રહેવું જોઈએ. જેલ બહાર મારે એક કલાક પણ વગર કારણે રહેવાય નહીં.'

શાસ્ત્રીજીની નિષ્ઠા, નિયમપાલન, અને કર્તવ્ય પાલન જોઈ જેલ અધિકારીનું મસ્તક ઝૂકી ગયું.

રામજન્મભૂમિ વિવાદ ઉકેલની દિશામાં...

ફરી એક વાર રાજન્મભૂમિ પર દેશ અને દુનિયાનું ધ્યાન કેન્દ્રિત થયું છે. અયોધ્યાને રાજકીય યુદ્ધક્ષેત્ર બનાવીને સોમનાથથી અયોધ્યા સુધી રથયાત્રા કાઢનારા લાલકૃષ્ણ અડવાણી આ મુદ્દે ચૂપ છે,પરંતુ રામજન્મભૂમિ મુદ્દે વિશ્વ હિંદુ પરિષદના વકીલ સુબ્રહ્મણ્યમ સ્વામીએ કરેલી અપીલની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયામૂર્તિ જસ્ટિસ ખેહરે કરેલી ટિપ્પણી અર્થપૂર્ણ છે. ધાર્મિક આસ્થા સંકળાયેલી હોય એવા મુદ્દાઓની પતાવટ સમજણપૂર્વક કોર્ટ બહાર થાય તે ઈચ્છનીય છે, અને જો એમાં મધ્યસ્થી તરીકે ખુદ કોર્ટને હસ્તક્ષેપ કરવો પડશે તો વડા ન્યાયમૂર્તિએ એની નિમણૂક કરવાની પણ તૈયારી દર્શાવી છે. શ્રેષ્ઠ રસ્તો સમાધાનનો છે, જેમાં જરૂર લાગશે તો જસ્ટિ ખેહર સહિતના જ્યુડિશિયલ બેન્ચ સહયોગ કરવા તૈયાર છે. સ્વામીએ બરાબર લોહું ગરમ છે ત્યારે જ ટીપી નાખવાની તક ઝડપીને સો વર્ષ જૂના આ વિવાદનો હિંદુઓની તરફેણમાં ચુકાદો આવે એવો ખેલ પાડ્યો છે. સુપ્રીમ કોર્ટે એમને ૩૧ માર્ચ સુધીમાં બધા પક્ષકારોને મળી સમાધાનની ફોર્મ્યુલા તૈયાર કરવા જણાવ્યું છે. જો કોર્ટ બહાર સમાધાન નહીં થાય તો નાછૂટકે સુપ્રીમ કોર્ટ ગુણવત્તાના ધોરણે આદેશ આપશે અને તે આદેશ બેઉ પક્ષકારોને માન્ય ગણાશે. બની શકે કે કોર્ટ રામજન્મભૂમિ સ્થળે જ મંદિર અને મસ્જિદના સંયુક્ત નિર્માણનો આદેશ આપે. જો એવું બનશે તો ફરી એક વાર દેશમાં કોમી તનાવનું વાતાવરણ ઊભું થઈ શકે છે. કોર્ટ એટલા કારણસર જ ચુકાદો પાછળ ઠેલતી રહી છે અને અદાલત બહાર સમાધાન કરી લેવાની બેઉ પક્ષોને સલાહ આપતી રહી છે. હવે જયારે ઉત્તરપ્રદેશમાં ત્રણ ચતુર્થાંશ બહુમતી સાથે ભાજપ સત્તાસ્થાને આવેલ છે અને કટ્ટર હિંદુત્વવાદી નેતા યોગી આદિત્યનાથ હસ્તક દેશનું સૌથી મોટું રાજય આવી ચૂક્યું છે ત્યારે રામજન્મભૂમિ વિવાદનો સાનુકૂળ ઉકેલ ભાજપ માટે પ્રતિષ્ઠાનો સવાલ બની રહેશે. મુખ્યમંત્રી તરીકે શપથ લીધા બાદ યોગી આદિત્યનાથે તાબડતોબ હિંદુ બહુમતીને રાજીપો થાય તેવા નિર્ણયો લેવા માંડ્યા છે. ગેરકાયદેસર ચાલતાં કતલખાનાંને તાળાં લાગી ગયા છે અને રામાયણ સંગ્રહાલય માટે રાજય સરકારે વિશાળ ભૂખંડ ફાળવી દીધો છે. સ્વામીએ ચીફ જસ્ટિસ ખેહર સમક્ષ સ્પષ્ટ માગણી કરી છે કે છ વર્ષથી પેન્ડિંગ એમની માગણી અંગે કોર્ટે સત્વરે હુકમ કરવો જોઈએ. સમાધાન માટેન તમામ પ્રયાસો નિષ્ફળ ગયા છે એટલે વધુ એકવાર સમાધાનનો પ્રયાસ કરવાથી કશું પરિણામ મળે એ વાતમાં માલ નથી. બાબરી મસ્જિદ કમિટીએ સમાધાનની સંભાવનાનો ઈન્કાર કરી દીધો છે. સ્વામીની દલીલ છે કે અન્યત્ર ખસેડી શકાય છે. આરબ દેશોમાં આવી અનેક મસ્જિદોનું સ્થળાંતર કરાયાના કિસ્સા જાણીતા છે. રામજન્મભૂમિ એ હિંદુઓ માટે પ્રચંડ આસ્થાનો મુદ્દો છે. ઉપાસનાનું સ્થાન ખસેડી શકાય, 'જન્મભૂમિ' થોડી બદલી શકાય? એટલે એમણે મસ્જિદ માટે સરયૂ પાર જમીન ફાળવવાની રજૂઆત કરી છે અને રામલ્લાને એમના મૂળ સ્થાને ભવ્ય મંદિર સમર્પિત કરવાની અપેક્ષા રાખી છે. આમ ફરી એકવાર રામજન્મભૂમિ - બાબરી મુદ્દો લાઈમલાઈટમાં આવી ગયો છે. કેન્દ્રમાં ભાજપ સરકાર બેઠી હોઈ યોગી આદિત્યનાથની રાજય સરકાર માટે સાનુકૂળ હુકમનામું કરવું સરળ બની ગયું છે. તેથી સામા પક્ષે કેવી અને કેટલી પ્રતિક્રિયા સરજાશે તેનું ભવિષ્ય ભાખવું અઘરું છે.

તંત્રીસ્થાનેથી...

ઉનાળામાં ઠંડક આપતા ઘરગથ્થું ઉપચારો

ઉનાળો શરૂ થઈ ગયો છે. હોળી-ધૂળેટી જાય એટલે આકરો તાપ પડવાનું શરૂ થાય, અને છેક જુલાઇ મહિના સુધી આવું જ ચાલે. એટલે આપણે લગભગ ત્રણ મહિના સુધી આ ગરમી સહન કરવી પડે. આ ગરમીમાં રાહત મળે એ માટે ઘરમાં તો આપણે એ.સી. થી લઈને ખસની ટોટી સુધીની વ્યવસ્થા કરેલ હશે, પણ આપણા ઘરના રસોડામાં જ અમુક એવી વસ્તુઓ પડેલી હોય છે કે જે આપણને ગરમીથી રક્ષણ આપે છે અને શરીરમાં ઠંડક લાવે છે. આજે તે વિષે વાત કરીએ.

ધાણા : સંસ્કૃતમાં જેને 'ધાન્યક' કહે છે તે ધાણા કોથમરીના બીજ છે. ધાણા પ્રકૃતિમાં બહુ ઠંડા છે. શરીરની બળતરા, શરીરનો થાક અને તરસ મટાડે છે. પિત્તને ઘટાડે છે. પાચનતંત્ર મજબૂત કરે છે અને મૂત્રવેગ વધારે છે.

- તાવમાં જ્યારે તરસ બહું લાગે ત્યારે ધાણાનું પાણી પીવાથી ફાયદો થાય છે.
- શરીરમાં દાહ થતો હોય તો ધાણાને રાત્રે પાણીમાં પલાળી સવારે તેમાં ખડી સાકર નાખી તેને પીવાથી દાહ શમન થાય છે.
- પેટમાં ચૂંક આવતી હોય તો ધાણા અને સૂંઠને ઉકાળીને પીવાથી ફાયદો થાય છે.
- બાળકોને મોટી ઉધરસ આવતી હોય તો ધાણા અને સાકરને ચોખાના ધાવણ સાથે આપવાથી ફાયદો થાય છે.

કોથમરીનાં પણ ધાણા જેવા જ ગુણો છે. કોથમરી પણ ઠંડક આપે છે. શરીર અને આંખમાં બળતરા થતી હોય ત્યારે કોથમરીની થેપલી બનાવી આંખ પર મુકવાથી ખૂબ ઠંડક મળે છે. કોથમરીમાં વિટામીન-એ તથા વિટામીન – સી પ્રચૂર માત્રામાં હોય છે. આ ઉપરાંત કોથમરીમાં અનેક ખનીજતત્વો (મિનરલ્સ) પણ હોય છે આથી કોથમરીનો વપરાશ રોજીંદો કરવો.

વરિયાળી : ધાણાની જેમ જ વરિયાળી પણ ખૂબ ઠંડી છે. વરિયાળી પાચક, બલદાયક, તૃષાહર, અને ગર્ભ તથા ગર્ભાશયને પોષણ આપનાર છે. વરિયાળીમાં સુગંધી ઉડ્ડનશીલ તેલ રહેલું હોય છે. આ તેલ બાળકોને પેટની ચૂંક મટાડે છે.

બજારમાં મળતા સેક્રીન તેમજ બીજા હાનિકારક દ્રવ્યો યુક્ત શરબતો કે સોફ્ટ ડ્રિંક્સને બદલે આપણા રસોડામાં રહેલ આ ઠંડક આપનારા દ્રવ્યો વડે જ એક શર્બત તૈયાર કરી શકાય. ધાણા અને વરિયાળી સરખા ભાગે તથા જીરૂ અર્ધા ભાગે લેવું. તેમા જરૂર પુરતી ખડી સાકર અથવા દેશી ગોળ નાખવો અને ઉપરથી કોથમરીના પાન અને ચપટી સંચળ નાખવું એકાદ-બે ટીપા લીંબુ પણ નાખી શકાય. આ શર્બતને ઉનાળાની બપોરે કે સાંજે નિયમીત પીવું. આનાથી શરીરમાં ઠંડક તો રહેશે જ , ઉપરાંત શરીરનો થાક પણ ઉતરશે અને એનર્જી પણ મળશે.

- contact@atharvaayu.com

'ઈશાદ' આપણે તો ઈશ્વરના નામે વાણી

ધરોબો

શ્વાસ છૂટી જાય, ગભરામણ નથી,
જીવવા માટે હવે, કારણ નથી.
ના મળું તો લોહી આ અટકી પડે,
આ જગતમાં કોઈ એવું જણ નથી.
જા, તને આપી બધીયે સાહાબી,
મારી પાસે તું નથી; કૈં પણ નથી.
કોઈ પકડાવી રહ્યું ચારો મને,
આ હથેળી ખોલવાની ક્ષણ નથી.
હોય ઈચ્છાના ધરોબા જોખમી
કોણ કહે 'ઈશાદ' માં સમજણ નથી.

- ચિનુ મોદી

'આંધા પાછા શ્વાસ' નામના - ગઝલસંગ્રહમાં ચિનુભાઈ મોદીએ ઉપર લખેલી ગઝલનો સમાવેશ કરેલો છે. આ ગઝલ તા. ૨૫.૦૪.૨૦૧૫ના રોજ લખાયેલી છે. લગભગ બાર વરસથી ચીનુભાણી જાણે મૃત્યુના સ્વાગત માટે તૈયાર હતા એવું લાગે છે. ઉક્ત સંગ્રહનું નામ જ 'આધા પાછા શ્વાસ' રાખીને એમનાં શ્વાસ હવે આધા પાછા થવા લાગ્યા છે એવું એમણે જાતે જ જાહેર કીધું. આ સંગ્રહમાં મરણને ટાંકીને એમણે ઘણાબધા શેર લખ્યા છે. પહેલી જ ગઝલ 'પવન' ના બધા શેર અફલાતૂન છે. પણ અહીં તમે છેલ્લો સાંભળો -

તું નથી 'ઈશાદ' કેં અજરા-અમર,
નાવ તારી પણ ડુબાડે છે પવન.

આખરે તા. ૧૯.૦૩.૨૦૧૭ના રવિવારના દિવસે પવને મોદીકાકાની નાવ ડુબાડી દીધી. હું આસમયે નવજીવન પ્રેસના હોલમાં યોજાયેલી બાળવાર્તા લેખનની શિબિરમાં ગયેલો. મારી પાસે બેઠેલા મિત્ર (નામ યાદ નથી) મને પૂછેલું, 'ચીનુ મોદી બહુ ગંભીર છે, શું થયું કેં ખબર છે?' મને તો આવી કશી ખબર હતી નહીં. એ ભાઈ જ બોલ્યા, 'દાખલ કર્યા છે. એવા સમાચાર છે.' એ પછી એમની બીજી થોડીક વાતો થઈ અને અમે તો શિબિરના કાર્યાલયમાં ખોવાઈ ગયા. સવારે 'ગાંધીનગર સમાચાર'ના છેલ્લા પાને આ જિંદાદિલ આદમી સમાચાર બની ગયો હતો.



વળી તમને 'આધા પાછા શ્વાસ' પાસે લઈ જઉં. બીજી ગઝલ 'પાણી'માં શું કહ્યું, સાંભળો -

સજીવન મંત્ર બોલી, પાણી છાંટી શું ઊભો છે તું ?
મરણ શું છે બીજું 'ઈશાદ' ઘસતાં જાય છે પાણી.

તમે જોયું ? 'પવન'ની ગઝલમાં એમણે કહ્યું કે પવન મારી નાવ ડુબાડી જાય છે. અહીં કહે છે કે એમની આજુબાજુ મરણ નામના પાણી ઘસમસી રહ્યા છે. અહીં પણ આખર ડુબવાની જ વાત છે. છતાં ત્રીજી ગઝલ 'પૃથ્વી' માં તેઓ સાવ અનોખી વાત લઈને આવે છે. ધરતીને અર્થાત્ પૃથ્વીને જુદા જુદા ચાર મનભર રંગોમાં વર્ણવીને છેલ્લા શેરમાં કશીક મનની વાત રજૂ કરે છે.

આપણે માનવું પડશે કે ચિનુ મોદીને આ જગત ઝટ જાકારો નહીં આપી શકે. એમની ગઝલો, ગીતો, નવલકથા, નાટક, દીર્ઘ કાવ્યો બધું જ આપણને વારંવાર યાદ કરવાની ફરજ પડશે. ઉક્ત સંગ્રહમાં એમણે ત્રીજી રચના 'આકાશ' કરી છે અને પાંચમી રચના 'અગ્નિ' કરી છે. આમ શરીરના પાંચે તત્વ, પવન, પાણી, પૃથ્વી, અગ્નિ અને આકાસ ઉપર એમણે સ્વતંત્ર ગઝલો લખી છે. હવે સ્વયં પંચતત્વમાં ભળી ગયા છે. ત્યારે 'અગ્નિ'નો ત્રીજો શેર ખાસ સાંભળવા જેવો છે.

ફૅંકી દીધેલો તેં મને ધરતી પર જન્માવીને,
હું કયારનો મ્હેમાન છું, શું જોઈએ પૂછે છે શું?

છાપામાં એમનું દેહદાન કર્યું હોવાના સમાચાર છે. પરંતુ તા. ૦૬.૦૩.૨૦૭ના રોજ એમણે 'અગ્નિ'ને સંબોધીને શું લખ્યું હતું?

આ સંગ્રહમાં 'ડાધા' નામની એક ગઝલ છે. આ ગઝલ સર્વાંગસુંદર છે. એના પહેલા શેરના આધારે પુસ્તકનું નામકરણ થયું છે.

પુષ્પ તાજાં તાજાં છે;
શ્વાસ આધા પાછા છે.
મોત છેલ્લું સરનામું,
ને ટપાકી પાકા છે.

ચિનુ મોદીકાકાએ મૃત્યુ વિષયક શેર અગણિત સંખ્યામાં લખ્યા છે. એક આખી ગઝલ 'મૃત્યુ' ઉપર લખી છે. પણ અહીં તમને 'સાંકડું' રચના રજૂ કરું છું. ધ્યાનથી સાંભળજો.

સાંકડું

સાંકડા ઘરમાંથી સૌંસરવો જશે,
એક માણસ આંખ સામે છૂ થશે.
તું કશું ત્યારે કરી શકશે નહીં,
તેલ છે ને એક દીવો બૂઝશે.
આંખ બંને માત્ર શ્રદ્ધાળથી ખૂલી,
છે હજુ મનમાં કે નક્કી આવશે.
સ્વર્ગને રસ્તે જવામાં એક ડર,
મોત નામે એક સ્ટેશન આવશે.
આટલા વરસાદમાં રોકાઈ જા,
આટલું તું કહૈશ તો પણ ચાલશે.

અહીં આપણે સ્વ. ચિનુ મોદીના 'આધા પાછા શ્વાસ'ની જ વાતો કરી. એમના જીવનકવન વિશે થોડીક વાતો હવે પછી કરીશું. શ્રદ્ધાંજલિ સાથે વીરમીએ.

માનવી ભાળી અમથું અમથું આપણું ફોરે વ્હાલ, નોટ ને સિક્કા નાંખ નદીમાં ધૂળિયે મારગ ચાલ

દીધો'તો સાથ જેણે એ જ ખુદ લુંટી ગયાં અમને,
જરા સાવધ વધુ જોખમ અહીં ઓળખાણે છે!
કદર 'બેફામ' શું માંગુ જીવનની એ જગત પાસે,
કે જ્યાં લોક સૌ કેવળ મરેલાને વખાણે છે!

- બેફામ

એક જમાનો હતો બહોળા કુટુંબનો... ઓછા નામે દસ-બાર જણ પરિવારમાં હોય, દાદા-દાદી, કાકા-કાકી, ઉપરાંત નજીકના કોઈ વિધુર-વિધવા સ્વજન કે રોગગ્રસ્ત વડીલનો સમાવેશ પરિવારમાં થતો. સૌ કોઈ હોંશે હોંશે એકબીજાના પૂરક રહેતા. માન-મરતબો જાળવતા. આ હતી હૈયાની અમીરાત. આજે આ બધી કલ્પના કરવી એ વ્યર્થ. ગામડાની મોકળાશ મેલી શહેરની સંકળાશને વહાલી કરવા લાગ્યા. શહેર એટલે બસ ખાવું,પીવું ને મજા કરવી... આજ જીવનની ઈતિશ્રી... 'નાનું કુટુંબ સુખી કુટુંબ અમે બે અમારા બે અરે હવે તો અમે બે અમારો એક' આ વળગેલા વાસ્તવને સૌએ પૂરેપૂરો ગોખ્યો ને ઘૂંટ્યો ય ખરો!

જીવનના કેન્દ્રમાં પૈસો ગોઠવાયો. સૌ ધન લોલૂપ બન્યા. માનવ મૂલ્યો વિરમ્યા, વિસરાયા. કરુણાના નામે તો સૌ કોરાધાકોટ. સંવેદનશૂન્ય. નરી સ્વાર્થની આડ પંપાળ. મિલકત માટે પોતીકાને મારી નાખનારાઓના દાખલા વધ્યા.

એક સમયે પરિવાર માટે ત્યાગ અને બલીદાનની ભાવના સહજ જોવા મળતી. માત્ર ઘર-પરિવાર જ નહિ સમાજ માટે સર્વસ્વ હોમી દેનારા ઠેર ઠેર જોવા મળે. માનવ કરતાં માનવતા મોટી હતી. આજે માણસાઈને નામે નર્યો લીલો દુષ્કાળ સર્જાયો છે. માણસ જ માણસથી ગભરાય છે. બસ 'બીજાની મુશ્કેલી એ એ મારો ફાયદો' આ માટે લાગ જોઈને ટાંપીને બેઠા છે. ગામડાનું સહજ જીવન છોડી શહેરી ઝાકઝમાળ અને મોજ મજામાં અટવાયા છે. પાશ્ચાત્ય સંસ્કૃતિનો પ્રભાવ એના દિલો દિમાગમાં છવાયો છે. ભારતીયતાના મૂળભૂત સંસ્કારો ભૂલાયા-ભૂંસાયા. ભર્યા ભાદર્યા સંયુક્ત કુટુંબનો સ્નેહ સથવારો મનને મજબૂત-મક્કમ બનાવતો. પરિવારજનોની હૂંફ અતિથીઓ પાસેથી મળતું સામાજિક વ્યવહારુ જ્ઞાન સંતાનોને ભૌતિક તેમજ સાંવેગિક સલામતી મળતી. આ બધા થકી એક ઉત્તમ – ઉમદા માનવ્ય મહોરી ઉઠતું. પ્રકૃતિ વચાળે જીવતર જીવનારા ભલા ભોળા આવા જીવનો જોઈ સાઈ મકરંદ ગઈ ઉઠ્યા...

માનવી ભાળી અમથું અમથું આપણું ફોરે વ્હાલ,
નોટ ને સિક્કા નાંખ નદીમાં ધૂળિયે મારગ ચાલ.

આ હતું નૈસર્ગિક સાચુકલું જીવન. આજે આપણે આવા સત્વશીલ અને સાચુકલા જીવનથી સાવ વેગળા થયા છીએ. બધા જ પોતીકા દુનિયાના બાદશાહ. અહી પંડની પીડા છે પણ બીજાની પડી નથી. સંપ ને સહિષ્ણુતા તો શોધી ય જડે તેમ નથી. આમ માણસ પોતાના કુંડાળામાં પૂરાયો છે. સ્વ કેન્દ્રી ને એકાકી થયો છે. માણસ સ્વતંત્ર એવા વિભક્ત કુટુંબજીવનમાં પણ પ્રત્યેક જણ આગવી મગરૂરીથી જીવે છે. બધાની ખાસ એક અલાયદી ઓળખ...

સમાજજીવનનો આ વરવો વાસ્તવ ચિંતાજનક તો ખરો સાથે સાથે ચિંતન પ્રેરક પણ છે જ. જન્મદાતા મા-બાપ જીવનદાતા પુરવાર થાય છે ખરાં?? બસ જન્મ આપીને છૂટી જવાનું..... બહુ બહુ તો ભૌતિક સુવિધા – સગવડો – જરૂરિયાતો પૂરી પાડીને છોટી જવાનું... સંતાનનો સર્વાંગી ઉછેર.... તેના ઉત્તમ-ઉમદા વ્યક્તિત્વ ઘડતર માટે સવાયા શિક્ષક બનવું પડે. એમાંયે 'મા' તો સો શિક્ષકની ગરજ સારે એવી નક્કર ભૂમિકા ભજવવાની છે. જીવવું એક કલા છે. કલા એને કહેવાય જે વ્યક્તિમાં અને સમાજમાં નીતિ અને ચારિત્ર્ય પ્રગટાવે. આવું કામ તો શિક્ષણ અને સંસ્કારને વરેલાં મા-બાપના હાથે જ સંપન્ન થાય. આપણી કહેવતો ઘણું બધું કહી જાય છે, ''કુવામાં હોય તો હવાડામાં આવે.'' ''મોરનાં ઈંડાં ચીતરવા ન પડે.'' આજના બેહુદા ચિત્ર પાછળ આ ઘડતર પરંપરા ક્યાંક ઢીલી પડી છે.... ખોટકાઈ છે. સ્વતંત્ર – સ્વચ્છંદી – મનસ્વી ઉચ્છૃંખલ સંતાનો બેજવાબદાર મા-બાપનું પરિણામ છે. ભોગાસક્ત – અહંકેન્દ્રી મા-બાપનાં ફરજંદ છે. એમાંયે ટી.વી. મોબાઈલનું વળગણ... ધારાવાહિકોનાં દૃશ્યો એક પ્રકારનું 'કુશિક્ષણ ફેલાવી રહ્યાં છે. હૃદયની કેળવણીનો હ્રાસ થયો છે. મારા આદર્શમૂર્તિ ડૉ. હરીશ વ્યાસ સાહેબે એક સરસ વાત કહેલી. ''તળાવ જ્યારે છલો છલ ભરાઈ જાય, ત્યારે એ ઝરણાં બનીને વહેવા માંડે છે તેમ જ બાળક જ્યારે માતા-પિતા, ભાઈ-બહેન અને આડોશી-પાડોશીના સ્નેહથી સભર બને છે ત્યારે એ પરિવાર અને વિશ્વ તરફ વહેવા માંડે છે. હૃદયની કેળવણીને અભાવે આજનું બાળક તરુણ કે યુવાન ઉણા દિલનો રહેશે તો એ સમાજ તરફ કેવી રીતે વહેવાનો?' બરછટ ને બધિર માનવ્યને પ્રેમથી પ્રફુલ્લિત કરવાની આજે તાતી જરૂર છે.

દોસ્તો, શિવમાંથી છૂટા પડેલા જીવે પુનઃ શિવમાં ભળવા 'શિવમય' બનવું પડે અર્થાત જીવનમાં કલ્યાણ કામો કરવા પડે. સંયમી અને સહનશીલ 'શિવ'નો પર્યાય બની શકે. વિનોબાજી કહેતા, 'દુર્ગુણ એ ભીંત છે સદગુણ એ દ્વાર છે.' ખરેખર, માનવજાત અવળે પાટે ચડી ગઈ લાગે છે!

સ્પર્શમણિ –
પોતાનું સંપૂર્ણ જીવન આપી 'પાણી' વૃક્ષને ઉછેરે છે એટલે જ કદાચ
પાણી ક્યારેય લાકડાને ડૂબવા દેતું નથી...
માબાપનું પણ આવું જ છે કઈક...

- Rasikvaland1965@gmail.com